સંદેશ

# ગુજરાત લોજિસ્ટીક્સને અપોલો સીવી એવોર્ડ્સ ૨૦૧૬

મુંદ્રા સ્થિત સરફેસ ટ્રાન્સપોર્ટ ઓપરેટર્સ મે. ગુજરાત લોજિસ્ટીક્સને અપોલો સીવી એવોર્ડ્સ-૨૦૧૬ ખાતે પ્રતિષ્ઠિત નેશનલ એવોર્ડ 'ફ્લીટ ઓપરેટર ઓફ ધ યર-નીશ એપ્લીકેશન્સ'થી સન્માનિત કરવામાં આવેલ છે. આ એવોર્ડ ૨૧ જાન્યુઆરી, ૧૧ રોજ હોટેલ આઈટીસી ગ્રાન્ડ મુંબઈમાં આયોજિત ગ્રાન્ડ એવોર્ડ સેરેમનીમાં એસઆઈ એએમ પ્રેસિડન્ટ/એમડી અને અશોક લેલેન્ડના સીઈઓ વિનોદ દેસારી, ડેમલર ઈન્ડિયાના સીઈઓ/એમડી એરીક નેસલહોફ, મહિન્દ્રા ટ્રક એન્ડ બસ લિ.ના એમડી અને સીઈઓ નલીન મહેતા, ડીસી ડિઝાઈન્સના સીઈઓ દિલીપ છાબરીયા અને ઈન્ડિયન ઓટો/સીવી ઈન્ડસ્ટ્રીના અગ્રણીઓ અને વિવિધ સીઈઓની ઉપસ્થિતિમાં એનાયત કરાયો હતો. ગુજરાત લોજિસ્ટીક્સની પસંદગી દેશભરમાંથી આવેલા નોમિનેશન્સમાંથી વિજેતા તરીકે થઈ હતી. આ એવોર્ડ તેને ફ્લીટ કેટેગરી-નીશ એપ્લિકેશન્સમાં વિસ્તરિત ઈવોલ્યુશન, ડ્યુ ડિલિજન્સ, ફિઝિકલ ઓડિટ્સ અને યુનિક વેલિડેશન પ્રોસેસ કે જે બ્રિટિશ ક્વૉલિટી ફાઉન્ડેશન દ્વારા ડિઝાઈન્ડ પેરામીટર્સના આધારે કરીને આપવામાં આવ્યો હતો. સીવી એવોર્ડ્સ ઈન્ડિયન કમર્શિયલ વ્હીકલ ઈન્ડસ્ટ્રી માટે અત્યંત પ્રતિષ્ઠિત અને સન્માનીય ઈવેન્ટ હોય છે જેમાં કમર્શિયલ વ્હીકલ ઈન્ડસ્ટ્રી, સ્પેનિંગ, ટ્રક્સ, બસ, ડિલર્સ, ફ્લીટ ઓપરેટર્સ અને હાઈ પર્ફોર્મિંગ વ્યક્તિઓમાં ઉત્તમ પર્ફોર્મન્સ બતાવનારને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. આ એવોર્ડ નેક્સ્ટ જન. પબ્લિશીંગ લિ. દ્વારા શરૂ કરવામાં આવ્યો છે.